# STOP બાળકો/વિદ્યાર્થીઓ માટે કોવિડ-19 સ્ક્રિનિંગ

## કૃપા કરીને બાળ સંભાળ/JK-12 સ્કૂલ સેટિંગમાં પ્રવેશતાં પહેલાં પૂર્ણ કરો.

અપડેટ કર્યું સપ્ટેમ્બર 1, 2021

નામ: ______________________ તારીખ: ______________ સમય: ______________

**1. શું બાળક/વિદ્યાર્થીને નિમ્નલિખિત નવા અથવા વધુ ખરાબ થતાં લક્ષણો છે?****



તાવ > 37.8°સે અને / અથવા ઠંડી

હા ☐ ના ☐



ઉધરસ

હા ☐ ના ☐



શ્વાસ લેવામાં મુશ્કેલી

હા ☐ ના ☐



સ્વાદ અથવા ગંધમાં ઘટાડો અથવા નુકશાન

હા ☐ ના ☐



ઉબકા, ઉલટી અથવા ઝાડા

હા ☐ ના ☐

- જો બાળક / વિદ્યાર્થીને આરોગ્ય સંભાળ પ્રદાતા દ્વારા નિદાન કરવામાં આવેલી આરોગ્ય સ્થિતિ હોય કે જેનાથી તેમને લક્ષણ આવે છે, તો "ના" પસંદ કરો. જો લક્ષણ નવું, અલગ અથવા વધુ ખરાબ થઈ રહ્યા હોય તો "હા" પસંદ કરો.

**જો કોઈ લક્ષણ માટે "હા" હોય:** ઘરે રહો અને સ્વ-અલગ રહો + પરીક્ષણ કરાવો **અથવા** આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો

**2. તમારા ઘરમાં કોઈને કોવિડ-19 ના એક અથવા વધુ લક્ષણો છે અને/અથવા લક્ષણો આવ્યા પછી પરીક્ષણ પરિણામોની રાહ જોઈ રહ્યા છે?** હા ☐ ના ☐

- જો બાળક/વિદ્યાર્થીએ સંપૂર્ણપણે રસી* પ્રાપ્ત કરી લીધેલ છે અથવા છેલ્લા **90** દિવસોમાં કોવિડ-**19** નું હકારાત્મક પરીક્ષણ થયેલ હોય અને સાફ થઈ ગયેલ હોય, તો **"ના"** પસંદ કરો.

**3. છેલ્લા 10 દિવસો, શું બાળક/વિદ્યાર્થીનું રેપિડ એન્ટિજેન ટેસ્ટ અથવા ઘર-આધારિત સ્વ-પરીક્ષણ કીટમાં હકારાત્મક પરીક્ષણ થયેલ છે?** હા ☐ ના ☐

- જો તેઓનું ત્યારથી પ્રયોગશાળા આધારિત **PCR** કસોટીમાં નકારાત્મક પરીક્ષણ થયું હોય, તો, **"ના"** પસંદ કરો.

**4. શું વિદ્યાર્થી / બાળકને કોવિડ -19 ધરાવતા કોઈના નજીકના સંપર્ક તરીકે સૂચિત કરવામાં આવ્યું છે અથવા ઘરે અને સ્વ-અલગતામાં રહેવા માટે કહેવામાં આવ્યું છે?** હા ☐ ના ☐

- જો બાળક/વિદ્યાર્થીએ સંપૂર્ણપણે રસી* પ્રાપ્ત કરી લીધેલ છે અથવા છેલ્લા **90** દિવસોમાં કોવિડ-**19** નું હકારાત્મક પરીક્ષણ થયેલ હોય અને સાફ થઈ ગયેલ હોય અથવા જાહેર આરોગ્યએ કહ્યું છે કે બાળક/વિદ્યાર્થીને સ્વ-અલગતામાં રહેવાની જરૂર નથી, તો **"ના"** પસંદ કરો.

**5. શું છેલ્લા 14 દિવસોમાં, બાળક/વિદ્યાર્થીએ કેનેડાની બહાર પ્રવાસ કર્યો હતો અને ફેડરલ સંસર્ગનિષેધ જરૂરીયાતો અનુસાર સંસર્ગનિષેધમાં રહેવાની સલાહ આપવામાં આવી હતી?** હા ☐ ના ☐

**જો 2, 3, 4 અથવા 5 પ્રશ્નોમાં "હા" હોય:** ઘરે રહો અને સ્વ-અલગ રહો + જાહેર આરોગ્ય સલાહને અનુસરો

* સંપૂર્ણપણે રસીકૃત એટલે બે ડોઝ રસી શ્રેણીનો બીજો ડોઝ અથવા એક ડોઝ શ્રેણીનો એક ડોઝ મેળવ્યાના **14** દિવસ પછી.

**કોઈપણ જે બીમાર છે અથવા બીમારીના કોઈ લક્ષણો ધરાવે છે તેણે ઘરે રહેવું જોઈએ અને જો જરૂરી હોય તો તેમના આરોગ્ય સંભાળ પ્રદાતા પાસે આકારણી કરાવવી જોઈએ.

# મારા બાળક/વિદ્યાર્થીને કોવિડ-19 ના 1 અથવા વધુ લક્ષણો છે

## બાળક/વિદ્યાર્થીએ ઘરે રહેવું જોઈએ, સ્વ-અલગતામાં રહેવું જોઈએ અને પરીક્ષણ કરાવવું જોઈએ.

બાળ સંભાળ/શાળાને સૂચિત કરો કે તેઓ લક્ષણો ધરાવે છે.

### કોવિડ-19 ટેસ્ટનું પરિણામ શું હતું?

#### હકારાત્મક

- બાળ સંભાળ/શાળાને જણાવો કે તેઓનું કોવિડ -19 નું પરીક્ષણ હકારાત્મક આવ્યું છે.
- બાળક/વિદ્યાર્થીએ તેમના લક્ષણો શરૂ થયાના દિવસથી 10 દિવસ માટે ઘરે રહેવું અને સ્વ-અલગ થવું આવશ્યક છે. તેઓ 11 માં દિવસે પાછા આવી શકે છે, પછી ભલે ઘરમાં બીજા કોઈમાં લક્ષણો વિકસ્યા હોય.
- ઘરના સભ્યો અને નજીકના સંપર્કો કે જેઓ કોવિડ-19 સંપૂર્ણ રસી* લીધી નથી તેમણે ઓછામાં ઓછા 10 દિવસ માટે સ્વ-અલગતામાં રહેવું જોઈએ અને પરીક્ષણ કરાવવું જોઈએ.
- ટોરોન્ટો પબ્લિક હેલ્થ તપાસ કરવા માટે તમારો સંપર્ક કરશે અને વધુ સૂચનો આપશે.

#### નકારાત્મક

**શું બાળક/વિદ્યાર્થી કોઈ એવા વ્યક્તિના ગાઢ સંપર્કમાં છે જેમનું છેલ્લા 10 દિવસોમાં કોવિડ-19 માટે હકારાત્મક પરીક્ષણ થયું છે?**

ના ☐ બાળક/વિદ્યાર્થી તેમના લક્ષણો (ઉબકા, ઉલટી અથવા ઝાડાના 48 કલાકો) સુધારવાના શરૂ થયાના 24 કલાક પછી પાછા આવી શકે છે.

હા ☐ **જો બાળક/વિદ્યાર્થીએ સંપૂર્ણપણે રસી*:** લીધેલ ન હોય તો: હકારાત્મક વ્યક્તિ સાથેના છેલ્લા સંસર્ગથી 10 દિવસો માટે તેઓને સ્વ-અલગ રહેની જરૂર છે.

હા ☐ **જો બાળક/વિદ્યાર્થીએ સંપૂર્ણપણે રસી લીધેલ હોય*:** તેઓ તેમના લક્ષણો (ઉબકા, ઉલટી અથવા ઝાડાના 48 કલાકો) સુધારવાના શરૂ થયાના 24 કલાક પછી પાછા આવી શકે છે.

હા ☐ **જો બાળક/વિદ્યાર્થીનું છેલ્લા 90 દિવસોમાં કોવિડ-19 માટે હકારાત્મક પરીક્ષણ થયું હોય અને તે સાફ થઈ ગયું હોય:** તેઓ તેમના લક્ષણો (ઉબકા, ઉલટી અથવા ઝાડાના 48 કલાકો) સુધારવાના શરૂ થયાના 24 કલાક પછી પાછા આવી શકે છે.

હા ☐ **જો બાળક/વિદ્યાર્થીને ફક્ત કોવિડ ચેતવણી એપ દ્વારા એક્સપોઝરની સૂચના મળી હોય:** તેઓ તેમના લક્ષણો (ઉબકા, ઉલટી અથવા ઝાડાના 48 કલાકો) સુધારવાના શરૂ થયાના 24 કલાક પછી પાછા આવી શકે છે.

બાળ સંભાળ/સ્કૂલ સેટિંગમાં ભાગ લેનારા ઘરમાં રહેલા ભાઈ-બહેનો અને પુખ્ત વયના લોકો તરત જ પાછા આવી શકે છે, જ્યાં સુધી ઘરમાં લક્ષણો ધરાવતા અન્ય કોઈ સભ્યો ન હોય.

#### પરીક્ષણ ન કરાવેલ હોય

- બાળક/વિદ્યાર્થીએ તેમના લક્ષણો શરૂ થયાના દિવસથી 10 દિવસ માટે ઘરે રહેવું અને સ્વ-અલગ થવું આવશ્યક છે. 11 માં દિવસે, બાળક/વિદ્યાર્થી બાળ સંભાળ/સ્કૂલ સેટિંગમાં પાછા આવી શકે છે, જો તેમના લક્ષણોમાં સુધારો થઈ રહ્યો હોય.
- ઘરમાં રહેલ કોઈપણ સભ્ય કે જેણે સંપૂર્ણપણે રસી લીધી નથી* અથવા છેલ્લા 90 દિવસોમાં કોવિડ-19 નું હકારાત્મક પરીક્ષણ થયેલ નથી અને સાફ થઈ ગયું હતું, તેઓએ જ્યાં સુધી બાળક/વિદ્યાર્થીનું કોવિડ-19 નું નકારાત્મક પરીક્ષણ ન આવે અથવા 10 દિવસ પસાર થઈ ગયા ન હોય ત્યાં સુધી સ્વ અલગ જ જોઈએ.
- જો આરોગ્ય સંભાળ પ્રદાતાએ એવી સ્થિતિનું નિદાન કર્યું છે કે જે કોવિડ-19 થી સંબંધિત નથી, તો બાળક/વિદ્યાર્થી તેમના લક્ષણોમાં સુધારો થયાના 24 કલાક પછી પાછા આવી શકે છે (ઉબકા, ઉલટી અથવા ઝાડા માટે 48 કલાક). ઘરના સભ્યોને ઘરે રહેવાની જરૂર નથી.

## જો બાળક/વિદ્યાર્થીએ છેલ્લા 14 દિવસોમાં કેનેડાની બહાર પ્રવાસ કરેલ હોય:

- બાળક/વિદ્યાર્થીએ આંતરરાષ્ટ્રીય મુસાફરીમાંથી પાછા ફર્યા પછી સંસર્ગનિષેધ અને પરીક્ષણ માટેના ફેડરલ દિશાનિર્દેશોનું પાલન કરવું આવશ્યક છે.
- જો બાળક/વિદ્યાર્થીએ સંપૂર્ણપણે રસી લીધેલ હોય તો તેમને સંસર્ગનિષેધમાંથી મુક્તિ મળી શકે છે. જો બાળક/વિદ્યાર્થીએ સંપૂર્ણપણે રસી લીધેલ ન હોય, તો તેઓએ 14 દિવસ માટે શાળા/બાળ સંભાળમાં હાજરી આપવાની નથી, પછી ભલે તેઓએ રસીકૃત સાથી સાથે મુસાફરી કરેલ હોય.
- પ્રવાસીઓ માટે ફેડરલ આવશ્યકતાઓને અનુસરો.

*સંપૂર્ણપણે રસીકૃત એટલે બે ડોઝ રસી શ્રેણીનો બીજો ડોઝ અથવા એક ડોઝ શ્રેણીનો એક ડોઝ મેળવ્યાના 14 દિવસ પછી.